# કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીની કચેરી
## ચૂંટણી શાખા, ભરૂચ

ફોન નં.૦૨૬૪૨ – ૨૪૦૫૪૨, ફેકસ નં.૦૨૬૪૨ – ૨૪૦૫૪૨/ ૨૪૦૬૦૨

ક્રમાંક : ઈએલસી/ વશી/ ૨૦૪૪ /૧૭ તા.૧૫/૦૭/૨૦૧૭

વંચાણે લીધા :

(૧) સંયુકત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગાંધીનગરના પત્ર નં. ઈવીએમ/૧૦૨૦૧૭ તા.૧/૭/૨૦૧૭.

(૨) આ કચેરીના પત્ર નં. ઈએલસી/ વશી/૧૬૩૨ તા.૩/૭/૧૭ અન્વયે તા.૫/૭/૨૦૧૭ ના રોજ દૈનિક વર્તમાનપત્ર "સંદેશ" માં પ્રસિદ્ધ થયેલ ટુંકી મુદ્દતની નિવિદા

(૩) "આસુ લોજીસ્ટીક એન્ડ પેકેજીંગ પ્રા.લી.ગુહાટી(આસામ)" નો તા.૧૪/૭/૧૭ ના ઈ–મેઈલથી મળેલ પ્રસ્તાવ.

(૪) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગાંધીનગરના પત્ર નં.ઈએલસી/ ૫૯૧૬/ ૨૯૭૪/ છ તા.૧૦/૭/૧૭

(૫) નોંધ ૫રના આદેશાનુસાર

હુકમ : –

ગુજરાત રાજયની વિધાનસભાની સામાન્ય ચુંટણીઓને ધ્યાને લઈને આમુખ (૧) ના સંયુકત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગાંધીનગરના પત્રથી ભારતના ચુંટણી પંચ દ્વારા અન્ય રાજય તથા ઈવીએમ બનાવતી કું.માંથી ઈવીએમ તથા વીવીપીએટીના પરીવહન માટે એજન્સી નિયત કરવા માટેની સુચના આપવામાં આવેલ છે. ભારતના ચુંટણી પંચની સુચનાઓ અનુસાર ઈવીએમ/વીવીપીએટી મશીનની હેરફેર બંધ બોડીના ટ્રકસ મારફતે જ કરવાની રહે છે. તેમજ આ પ્રકારના વાહનોને જીપીએસ સીસ્ટમ લગાવવાની પણ સુચના આપવામાં આવેલ છે. મશીનોના હેરફેરની સમગ્ર પ્રક્રીયા તા.૩૧/૭/૧૭ પહેલા પુર્ણ કરવાની પણ સુચના થઈ આવેલ છે. આમુખ (૧) ના પત્ર મુજબ અન્ય રાજયના જીલ્લાઓમાંથી ઈવીએમ/ વીવપીએટીના લાવવા માટે પરીવહન માટેની એજન્સી સ્થાનિક કક્ષાએથી નાણાંકીય નિયમોને ધ્યાને લઈને જરૂરી કાર્યવાહી તા.૧૨/૭/૧૭ સુધીમાં પુર્ણ કરવા જણાવવામાં આવેલ છે. જેના અનુસંધાને અત્રેથી આમુખ (૨) થી તા.૫/૭/૧૭ ના રોજ ટુંકી મુદ્દતની જાહેર નિવિદા બહાર પાડવામાં આવેલ છે.

આમુખ (૪) ના મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ગાંધીનગરના પત્રથી અત્રેના જીલ્લાને ઉત્તરપ્રદેશ રાજયના ફૈઝાબાદ જીલ્લામાંથી ૨૦૦૦ બીયુ ફાળવવામાં આવેલ છે. જે ઈવીએમ તાત્કાલીક મેળવી લેવા સુચના આપવામાં આવેલ છે.

ટુંકી મુદ્દતના ટેન્ડરમાં નિયત કરેલ સમયમર્યાદામાં એક જ પાર્ટી ગાયત્રી ટ્રાન્સપોર્ટ, અમરેલીના ભાવપત્રક આ કચેરીને મળેલ છે. આ સિવાય અન્ય કોઈ પાર્ટી તરફથી ભાવો રજુ થયેલ ન હોવાથી અન્ય જીલ્લામાં નકકી થયેલ ભાવ મેળવી તેઓ અત્રેના જીલ્લાની કામગીરી કરવા સંમત હોય તો તે મુજબ તેઓ પાસેથી સંમતી મેળવી આગળની કાર્યવાહી કરવા માટે નોંધ ૫ર હુકમ મળેલ છે. તે મુજબ ખેડા, ભાવનગર, લુણાવાડા, પાટણ અને જામનગર જીલ્લામાં મંજુર થયેલ ભાવો પૈકી જામનગર જીલ્લામાં સૌથી ઓછા ભાવ "આસુ લોજીસ્ટીક એન્ડ પેકેજીંગ પ્રા.લી.ગોહાટી(આસામ)" ના રૂ.૬૮/– પ્રતિ કી.મી. તથા રૂ.૧૬,૦૦૦/– લોડીગ અનલોડીગ ચાર્જ હોવાથી તેમનો ટેલીફોનીક તેમજ ઈ–મેઈલથી સંપર્ક કરતાં "આસુ લોજીસ્ટીક એન્ડ પેકેજીંગ પ્રા.લી.ગોહાટી(આસામ)" ની એજન્સી પાસેથી આમુખ (૩) ના ઈ–મેઈલથી ફૈઝાબાદ (ઉત્તરપ્રદેશ) થી ભરૂચ (ગુજરાત) સુધીનાં વાહનનાં ભાડાના ૧ કી.મી.ના રૂ.૬૫/– અને લોડીગ અનલોડીગ ચાર્જ રૂ.૧૧,૦૦૦/– ના ભાવે સંમતી આપેલ છે. જે મુજબ "આસુ લોજીસ્ટીક એન્ડ પેકેજીંગ પ્રા.લી.ગોહાટી(આસામ)" નો બંધ બોડીના જીપીએસ સીસ્ટમવાળા વાહનના પ્રતિ કી.મી.નો પરીવહન કરવાનો ભાવ રૂ.૬૫/– તથા લોડીગ અનલોડીગ ચાર્જ રૂ. ૧૧,૦૦૦/– મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી તરફથી પરીવહન અંગેની કામગીરી નિયત સમયમર્યાદામાં પુર્ણ કરવાની સુચના થઈ આવેલ છે. આવા સંજોગોમાં આ કચેરીમાં નિયત સમયમાં આ સાથે નકકી કરેલ શરતોને આધીન "આસુ લોજીસ્ટીક એન્ડ પેકેજીંગ પ્રા.લી.ગોહાટી(આસામ)" ને અત્રેની સુચના અને શરતો અનુસાર વાહન પુરુ પાડવાનું રહેશે. શરતોની યાદી આ સાથે સામેલ છે.

જીલ્લા ચુંટણી અધિકારી અને
કલેકટર, ભરૂચ

પ્રતિ,
સંચાલકશ્રી,
"આસુ લોજીસ્ટીક એન્ડ પેકેજીંગ પ્રા.લી.ગોહાટી(આસામ)"
નેશનલ હાઈવે નં.૬, જયાનગર રોડ,
ફુડ કોમ સિકસમાઈલની પાસે, ગુહાટી (આસામ) –૭૮૧૦૨૨

નકલ સવિનય રવાના :
મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨/– આપના તા.૧/૭/૧૭ અને તા.૧૦/૭/૧૭ ના પત્ર અન્વયે જાણ થવા વિનંતી સહ.

# શરતો

૧) વાહન નેશનલ પરમિટ ધરાવતું હોવું જોઈએ તથા વાહન અને તેમાં રહેલ માલસામાનનું પણ સંપુર્ણ વિમાનું કવરેજ હોવું જોઈએ તથા ડ્રાઈવર પાસે નિયમોનુસારનું લાયસન્સ હોવું જોઈએ.

૨) ફૈઝાબાદ (ઉત્તરપ્રદેશ) થી ભરૂચ (ગુજરાત) રાજય માટે વાહન પુરુ પાડવાનું રહેશે. અને ૨૦૦૦ ઈ.વી.એમ. (૨૦૦ પેટી) નો સમાવેશ થઈ શકે તેવું વાહન પુરું પાડવાનું રહેશે.

૩) વાહનના ભાવમાં અન્ય તમામ કરવેરાનો તથા ડ્રાઈવર તથા કલીનરનો સમાવેશ થયેલા ગણાશે. એટલે કે કોઈપણ સ્થળ ઉપર ભરવા પડતા વેરા, દંડ, ટેક્ષની રકમ અલગથી આકારવાની રહેશે નહી. તેમજ વાહનમાં ઉભી થતી યાંત્રીક ખામી અંગેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે તથા તેની વૈકલ્પિક વ્યવસ્થા સદર નિયમોને આધિન તાત્કાલિક કરી આપવાની રહેશે.

૪) EVM લેવા માટે અત્રેથી નિમણુંક પામેલા અધિકારીના નિયંત્રણ હેઠળ જ આ વાહનોએ મુવમેન્ટ કરવાની રહેશે. એટલે કે સંબંધીત અધિકારી કે અધિકારીના વાહનને ઈ.વી.એમ. લોડીગ કરેલા વાહનની સાથે જ રાખવાના રહેશે. ડ્રાઈવર પોતાની મરજી મુજબ કે મનસૂફીનો રુટ નકકી કરીને ચાલી શકશે નહી.

૫) વાહનના ડ્રાઈવર તથા કલીનરનો સંપૂર્ણ ખર્ચ કોન્ટ્રાકટ લેનારે ભોગવવાનો રહેશે. એટલે કે સાથે આવતા અધિકારી કે કર્મચારીએ ડ્રાઈવરો અને કલીનરોના રહેવા જમવાની વ્યવસ્થા જોવાની રહેશે નહી કે તે બાબતે ચુકવણુ કરવાની રહેશે નહી.

૬) તમામ વાહનો ઉપર GPS લગાવવાના રહેશે.

૭) બંધ બોડીના ટ્રકને દરવાજા હોવા જરૂરી છે. એટલે કે તેનું સીલીગ થઈ શકે તેવા પ્રકારના દરવાજા વાળા વાહનો પુરા પાડવાના રહેશે.

૮) ૨૦૦૦ B.U. કે જે ૨૦૦ પેટીમાં રાખવામાં આવશે. એક પેટીમાં ૧૦ (દશ) B.U. રહેશે તે પેટીનું માપ આશરે ૪૨" X ૨૫" X ૧૭" રહેશે જે તમામ ૨૦૦ પેટી એક વાહનમાં લાવવાની વ્યવસ્થા કરવાની રહેશે.

૯) EVMs ની સુરક્ષાની બાબત ઘ્યાને લઈ વાહન ફાળવવાનું રહેશે.

૧૦) ઈવીએમ લોડીગ કરેલા વાહનો અત્રેથી નકકી કરેલ પોલીસ ગાર્ડ સાથે રાખીને પરીવહન કરવાનું રહેશે.

૧૧) બી.યુ.નું પરીવહન પૂર્ણ થયેથી જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રી, ભરૂચના નામનું બીલ રજુ કરવાનું રહેશે. જેનું ચુકવણું મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરથી ગ્રાન્ટ મળ્યેથી કરવામાં આવશે.

૧૨) ઈવીએમ લોડીગ કરેલા વાહન જયાંથી શરૂ થાય ત્યાંથી વાહનનાં કી.મી. ની નોંધ જવાબદાર અધિકારીશ્રીઓને કરાવવાની રહેશે.

૧૩) ન્યાયક્ષેત્ર ભરૂચ જીલ્લો રહેશે.

જીલ્લા ચુંટણી અધિકારી અને
કલેકટર ભરૂચ